વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૬ : અંક - ૧૫ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : ઑગસ્ટ ૬, ૨૦૧૮

# કચરાયુગનો પડકાર

ગઈ પાંચમી જૂને વિશ્વ પર્યાવરણ દિન હતો તે ધ્યાનમાં રાખીને દિલ્હીનાં 'ચિંતન' નામના એક રીસર્ચ ગ્રુપે એક જાતનું ઓડિટ કર્યું શાનું? પ્લાસ્ટિક કચરાનું. દિલ્હી શહેરના ૩૦૦ કુટુંબના ઘરોમાંથી છેલ્લા ૩ દિવસમાં કેટલો કચરો નીકળ્યો તેનો હિસાબ કાઢ્યો.

આ હિસાબમાંથી શું તારણ નીકળ્યા?

- કુલ એકઠા થયેલા પ્લાસ્ટિક કચરામાંથી ૪૭% પ્લાસ્ટિક જે કોઈ કુંપનીની બ્રાન્ડવાળું એક વાર વાપરીને ફેંકી દીધેલું હતું.

- આમાંથી ૧૩% જે ફરી રિસાઈકલ ન થઇ શકે તેવું હતું. અને ૬૯% એવું હલકા પ્રકારનું પ્લાસ્ટિક કે જે રિસાઈકલ થઈને પણ વહેલી તકે કચરાના લેન્ડફીલ માં કે દરિયામાં તળિયે બેસી જવાનાં છે. યા જળચર પ્રાણીના ગળા-પેટમાં ફસાવાના છે.

- આ જોતાં કોઈ નવાઈ નથી, જે ચિંતનભાઈ કહે છે, કે ૧૯૫૦ થી તે આજ લગીના કુલ પ્લાસ્ટિક ઉત્પાદનમાંથી માંડ ૯% પ્લાસ્ટિક રિસાઈકલ થયું છે.

- વળી, બ્રાન્ડવાળી કુલ પ્લાસ્ટિક કચરામાં સૌથી મોટું પ્રમાણ એટલે કે ૬૦% દેશી સ્થાનિક ઉત્પાદિત ચીજોનું છે. મધર ડેરી એકલાનું જ તેના હલકી જાતના પ્લાસ્ટિક કપ, પેકેટોનું ૧/૩ પ્રમાણ થવા જાય છે.

તો, આ પરિસ્થિતિમાં શું એમ ન પૂછાય કે આ બ્રાન્ડવાળા ઉત્પાદકોની કોઈ જવાબદારી ખરી ખરી?! સમગ્ર સજીવ સૃષ્ટિ, માનવ જીવન, પશુ પ્રાણી, લીલોત્તરી, નદી નાળાને જોખમમાં મુકતા પ્લાસ્ટિક ઉત્પાદનને કેવી રીતે સાચે રસ્તે વાળી શકાય.

સમગ્ર વિશ્વને વિનાશને પંથે લઈ જનારો આ કચરો કોનો છે? આપણો જ. આપણા જ ઘરોમાંથી નીકળેલો આ કચરો છે.

## 'મેઈડ ઈન' નહિ પણ 'મેડઈ બાય'

૨૦૦૮માં વૈશ્વિક મંદી આવી ને મારા જેવી વેસ્ટ રીસાયકલર્સ બેનો ના વેસ્નાં ભાવ ૫૦% જેટલાં ગગડયા. ઘર ચલાવવાનું મુશ્કેલ.. બે ટંકનું ખાવા ક્યાંથી લાવીએ. સાથે મળીને વિચાર્યું કે, આપણે ભેગા મળીને ધંધો કરીએ. સહકારી મંડળી બનાવી. અને હું વર્ષો પહેલાં સ્ટેશનરી બનાવવાનું શીખેલી તે વાત મારા મનમાં ઝબકી ને મેં સ્ટેશનરીનો ધંધો શરૂ કરવાનું સૂચવ્યું. ''ગીતાંજલી'' અમારી સહકારી મંડળી એના દ્વારા કામ શરૂ કર્યું. નક્કી કર્યુ કે, આપણે સહુ વેસ્ટ રીસાયકલર્સ એટલે જે પણ સ્ટેશનરી બનાવીએ તેમાં કાગળ તો જે રીસાયકલ થયેલો હોય તે જ વાપરવાનો. બજારનાં ઉભા રહેવાનું એટલે, ગુણવત્તા, ઉત્પાદન, કોસ્ટીંગ બધુંય ધ્યાનમાં રાખવાનું. અંગ્રેજી શબ્દો ય શીખી લીધા. જાત-જાતનાં મશીનો લીધાં. કટીંગ મશીન-ઓટોમેટીક, મેં સહુ પહેલાં ચલાવ્યું ત્યારે જાણે હું આસમાને ચઢીને બેઠી. સેન્સર વાળું, કાગળનો વેસ્ટેજ જે ૧૫ % હતો તે આજે ૧થી ૨% સુધી લઇ આવ્યા. અને જે કંઇ નવા સેમ્પલ આવે તેના જેવું જ હું પહેલાં મનાવું. ઘણી વાર તો જે સેમ્પલ હોય તે આખું ખોલી યે નાંખવું પડે ને સમજું કે આ કેમનું બન્યું છે... મારી આ માસ્ટરી કે, એટલી મહેનત કરીને સેમ્પલ બનાવયં કે, એકે ય ઑર્ડર ના જવા દઉં. આજે દુનિયાની સહુથી મોટી સ્ટેશનરી કંપની 'સ્ટેપલ્સ્'ને અમે નોટપેડ-ફાઈલો સપ્લાય કરીએ છીએ.. સીસ્કો, વીપ્રો, ગોલ્ડમેન એક્સ રિઝર્વ બેંક બધેય અમારો માલ જાય છે.

અમે જ અમારી સહકારી મંડળીના માલિક, ઉત્પાદક અને મેનેજર છીએ. ૧૫૦ જેટલી બેનોને 'ગીતાંજલી'માં જોડી છે. નામ મારું પાલી... હવે બની છું પાલીબેન.. ભણતર સાત ચોપડી અને હું કાગળ, પ્લાસ્ટિક, કાચ, લોખંડ, લાકડું, માણસના વાળ વિણતી થઇ જ્યારે હું પાંચમાં ધોરણમાં ભણતીતી. જનમ તો ગાંધીનર જિલ્લાના વસઇ ગામમાં એક વર્ષની હતીને, મારા કાકા-કાકી ને કોઇ સંતાન ન હોવાથી મને દત્તક લીધી. કાકા-કાકી મિલમાં કામ કરે. દાદી ટી.બી.ની બિમારીથી પિડાય અને મારી ચાલી તે રસૂલ કડિયાની ચાલીને વેસ્ટ રીસાયકલર્સથી ભરેલી. ઘરમાં પૈસાની અછત એટલે મેં ય આ બહેનો જોડે કાગળ-કચરો વિણવાનું શરૂ કર્યુ. ફેક્ટરીઓ ખૂબ એટલે ત્યાંથી વિણતાં-વિણતાં સૂએઝ-ફાર્મ સુધી વિણવા જઉં. ત્યારે જે વિણવા જઉં ત્યારે જુદી-જુદી આઇટમોનાં ૧ કિલોનાં ૨૫ પૈસાથી ૩૦ પૈસા મળે! માંડ-માંડ ૧૦-૧૫ રૂપિયા ભેગી થઉં. થોડી મોટી થતાં આ કામ સાથે-સાથે મિલમાં કચરા-પોતા કરવાનું ય શરૂ કર્યુ. ૮૮માં 'સેવા'માં જોડાઇ સભ્ય તરીકે. અને ત્યાર પછી મેં પાછુ વળીને નથી જોયું.. મને તો ખબર જ ના પડીને હું આગેવાન બની, મેં સ્ટેશનરી આઇટમ બનાવવાની તાલીમ લીધી. ઘરા આવકની ખાત્રી, કામની ખાત્રી મળી રહે છે. અમારી મંડળીની કારોબારી બધા સાથે મળીને નિર્ણયો લઇએ છીએ. ગૌરવભેર ૫થી ૭ હજાર રૂપિયા કમાઇએ છીએ. અમારી પોતાની જગ્યા યે છે. મારાં સપનાની વાત કરું તો, મેં મોટી મિલ જોઇ છે. મારી ગીતાંજલી પણ મિલ જેવી ધમધમે. તેમાં, કાગળ બનાવીએ, પ્રિન્ટ કરીએ, ડિઝાઇન યુનિટ હોય અને ધમધોકાર વેચાણ કરીએ. જેથી હજારો મારા જેવી કાગળ વિણનાર બહેનોને રોજગારી સાથે જોડી શીએ અને ગરીબીમાંથી મુક્ત થાય. ગીતાંજલીનું બનાવેલું વેચાય તો હું ખૂબ ખુશ થઉં છું.. ગીતાંજલીની નોટ કોઇ ખરીદે ત્યારે મનમાં પાછળ તે નોટના પાનામાં કાગળ વિણનારી જ યાદ આવે. મારા નિશાળે જતા દિકરાએ એક દા'ડો કહયું કે, ઘણી બધી ચીજો ઉપર 'મેઇડ ઇન' લખે છે તેને બદલે 'મેઇડ બાય' લખવું જોઇએ. એ વાત મને યાદ રહી ગઇ છે.

**- મનાલી**

આપણે આટલા બધા મોટા પ્રમાણમાં કચરાનો વપરાશ કરીએ છીએ એ હકીકત પૂરવાર થાય છે. જો આવો કચરો વાપરવાનો આપણે ઇન્કાર કરીશું તો ઉત્પાદક કચરાની ચીજો ઉત્પાદન નહિ થાય અને કચરાને આજના બજારોમાં કોઈ સ્થાન રહેશે નહિ, એવું આપણે દુનિયાને આપણે ક્યારે બતાવીશું?

ખરો પડકાર તો એ છે કે આપણે કચરો પેદા જ કેમ થવા દઈએ. થોડીકે તો થવાનો ઓર્ગેનિક અને બિન ઓર્ગેનિક બેઉ પ્રકારનો, તે આપણે સમજીએ છીએ. પણ હવે તેનો છેડો કેવી રીતે લાવવો છે? તેનો છેડો ક્યાં, - તે બીજો પડકાર છે. (એન્વાયરમેન્ટલ રીસર્ચ એન્ડ એક્શન ગ્રુપ, દિલ્હીના એક બુલેટીનના આધારે)

❑

# સેવા ઉન્નત બજારની વાર્ષિક સાધારણ સભા - 'હઁસીબા'થી 'હરખી'ની પ્રગતિયાત્રા

''આજે તો અંગ્રેજીમાં આ મિટીંગ હલાવશો તો ય અમને હાલશે... પહેલાં ગુજરાતીમાંય નહતી ખબર પડતી હવે હિન્દી સુધી પહોંચ્યા છે અને હવે અંગ્રેજી પણ ખબર પડવા લાગી છે..'' આ છે પાટણ જિલ્લાના ભરતકામદાર બહેન રાણીબહેનનો આત્મવિશ્વાસ.. જે બહેનોની સંગઠિત 'સેવા ઉન્નત બજાર' કંપનીના માલિક અને મેનેજર છે.

'સેવા ઉન્નત બજાર'ની આ ૧૫મી વાર્ષિક સાધારણ સભામાં અને કચ્છ અને પાટણની ભરતકામદાર બહેનો કે જેઓ ઉન્નત બજારના શેર હોલ્ડર છે તેઓ ઉપરાંત, ગુજરાતના ૧૪ જિલ્લાઓની સભ્ય બહેનો તેમજ બીજાં રાજ્યો આસામ, મેઘાલય, સિક્કીમ, મિઝોરમ, નાગાલેન્ડ, લેહ-લદ્દાખ, કાશ્મીર, રાજસ્થાન, બિહાર, છત્તીસગઢ, કેરાલા, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને ઉત્તરાંચલની શ્રમજીવી બહેનો આ વાર્ષિક સભાના ભાગીદાર રહયાં હતા.

આ સભાના મુખ્ય મહેમાન તરીકે અઝીમ પ્રેમજી યુર્નિવર્સિટીના મુખ્ય વાઇસ ચાન્સલેર શ્રી અનુરાગ બેહર તેમજ 'સાશા' એસોસિએશન ફોર ક્રાફ્ટના ('Sasha the Art of Giving' કલકત્તા ખાતે આવેલી સંસ્થા) મુખ્ય કાર્યકારી અધિકારી રૂપાબહેન મહેતા હતા.

ઉન્નત બજારના પ્રમુખ રીમાબહેને વાર્ષિક સભાની શરૂઆત કરી. 'સેવા ઉન્નત બજાર'નો ઇતિહાસ તેમજ, કેવા-કેવા સંઘર્ષોનો સામનો કર્યો છે તેની વિગતે વાત કરી. તેમણે ચાર મુદ્દા ઉપર ખાસ વાત કરતા જણાવ્યું કે, ધંધો કેમ ચલાવવો તે તો ઉન્નત બજારના સી.ઇ.ઓ. સવિતાબહેન પાસેથી શીખવાની જરૂર છે. સમગ્ર વર્ષનું એનાલીસીસ સમજવું, એન્ટરપ્રાઇઝ એટલે શું તેની સમજણ, તે ચલાવવા માટે દરરોજનું ઓપરેશન કેવી રીતે ગોઠવવું પડે-સપ્લાય ચેઇન એટલે શું ? તે બધું સમજવા સવિતાબેન જોડે ઇન્ટર્નશીપ કરવી જોઇએ. બીજુ મારે ૧૫ વર્ષના અનુભવના આધારે કહેવાનું કે, દુનિયા આખી ફ્યુચર ઓફ વર્ક ઉપર મથામણ કરી રહી છે. ત્યારે 'સાશા' સંસ્થા 'સેવા ઉન્નત બજાર' જેવા એન્ટરપ્રાઇઝના કેસસ્ટડી કરી એનું મોડેલ શું તે બહાર લાવવું ખૂબ જ જરૂરી છે. તેમજ, અનુભવના આધારે એ

પણ બહાર લાવવું જરૂરી છે કે વૈશ્વિક સ્તરે ગામડાના કારીગરો એક કરતા વધારે કામો જેવાં કે, જમીન, પશુપાલન, રૂડી, ડેરી વગેરેમાંથી રોજગારી મેળવતા હોય છે તેમની કારીગરી બજારમાં પહોંચે અને તેમને આવક મળતી થાય તેવું વૈશ્વિક સ્તરે આર્થિક માળખું ઉભુ કરવું જરૂરી છે. અને તમારી પાસેથી હું તે મુદ્દે સૂચન મેળવવા આતુર છું.

રીમાબહેને કહ્યું, છેલ્લે મારે 'હરખી'નો ઉલ્લેખ કરવો છે. આપણે ૧૫ વર્ષ સુધી આપણી કારીગરી બહારની દુનિયાને બતાવી. હવે આપણે આપણી કારીગરીને, બદલાતા સંજોગોમાં રોજબરોજ કેવી રીતે વાપરીએ અને તેની સાથે સાથે આપણી નવી પેઢી આપણી ભરતીની પરંપરાગત આવડતને ભૂલી ના જાય તે માટે છેલ્લા બે વર્ષથી 'રૂરલ ફેશન લાઇન' કે જેને 'હરખી' બ્રાન્ડ હેઠળ શરૂ કરવામાં આવી છે તેનું મહત્વ સમજી તેને આગળ કેવી રીતે લઇ જવું જેમાં, દરેક બહેનો 'હરખી' અંતર્ગત પોતાના ભરતકામની વસ્તુઓનું ઉત્પાદન કરી શકે, માર્કેટીગ કરી શકે અને દરેક બહેન પોતાનો ધંધો વ્યવસાય શરુ કરી શકે, હરખી વસ્તુઓનું વેચાણ કરી શકે તે પ્રકારનું આયોજન કરવાની ખાસ જરૂરીયાત છે.

સાધારણ સભામાં 'સેવા' ઉન્નત બજારના સી.ઇ.ઓ. શ્રી સવિતાબહેને ગયા વર્ષમાં આવેલ સંઘર્ષ અને તેની સામે હાંસલ કરેલ સફળતાનો અહેવાલ રજુ કર્યો જેમાં ખાસ ઑનલાઇન માર્કેટીગની નવીન શરુઆત અને ભરતકામ થકી ૨૩૨૫ બહેનોને રૂ.૯૫,૭૫,૦૦૦ની રોજગારી આપી તે ખૂબ જ પ્રેરણાદાયક હતું.

સવિતાબહેનના અહેવાલ બાદ, 'શાનુ'એ ઉન્નતબજારના શેરહોલ્ડર્સ કે જે પાટણ જિલ્લાનાં છે તેમનાં બાળકોને શિક્ષણનું મહત્વ સમજાવતો સંદેશો આપતું નાટક ભજવ્યું.

પાટણ જિલ્લાના બરારા ગામના કંકુબહેન આહિરની દિકરી એટલે શાનુ.. શાનુને ભણવાની ખૂબ જ જિજ્ઞાસા હતી. પણ ઘરની આર્થિક પરિસ્થિતિના કારણે તે ભણી ના શકી અને નાની ઉંમરમાં જ તેણે આપઘાત કરીને પોતાનું જીવન ટૂંકાવ્યું.. આવી તો ઘણી બધી દીકરીઓ છે જે અધવચ્ચેથી ભણવાનું છોડી દે છે પણ શાનુની જેમ તેમને ભણવાની જિજ્ઞાસ અને રસ છે... આવી દીકરીઓને શિક્ષણની તકો મળી શી અને ભવિષ્યમાં તેના દ્વારા તેમના જીવનમાં બદલાવ લાવી શકાય તે હેતુથી તેમની માંગ પ્રમાણે 'સેવા'એ 'શાનુ કાર્યક્રમ'ની શરૂઆત કરી. આજે પાંચ ગામમાં આ કાર્યક્રમ ચાલી રહયો છે અને તેમાં ગામનાં જ સભ્યબહેનોના દીકરા-દીકરીઓને સહાયક તરીકે તૈયાર કર્યા છે જેઓ દરરોજ બે કલાક બાળકોને જુદા-જુદા વિષયો ઉપર શિક્ષણ આપીને તૈયાર કરી રહયાં છે.

આ વાર્ષિક સભામાં ભાગ લીધેલ ભરતકામદાર બહેનો પોતાનો અનુભવ કહેવા ખૂબ જ ઉત્સાહી હતા. જેમાં સેવા ઉન્નતબજાર કંપનીના બોર્ડ ઑફ ડાયરેક્ટર અને પાટણ જિલ્લાના ભરતકામદાર એવા પુરીબહેને પોતાનો આનંદ વ્યક્ત કરતા જણાવ્યું કે, ''આજે આપણા માટે ગૌરવની વાત છે કે, આપણી કંપનીની પંદરમી વાર્ષિક સાધારણ સભા છે. આપણે જેમ આપણી નવી પેઢીની દીકરીઓ પણ આગળ આવે તેવી આશા રાખીએ... જેમ આપણે છેક દેશ-વિદેશ સુધી આપણી કારીગરીને પહોંચાડી તેમ આપણે આપણી હાંસીબાની બે દુકાનોની જગ્યાએ ચાર દુકાનો ખોલવા આપણી મહેનત ચાલુ રાખીશું જેથી બહેનોને માસિક દશ હજાર જેટલી આવક આપી શકીએ.'' જ્યારે ધોકાવાડા ગામના સખીબહેને પોતાની રજૂઆત કરતાં જણાવ્યું કે, 'હમણાં થોડા સમય પહેલાં ફેશન ડીઝાઈનર અનિતાબહેન ડોંગરે છે તેમની દુકાનનું અમેરિકામાં ઉદ્દ્ઘાટન હતું. ત્યાં અમે ગયા હતાં. ત્યાં આપણું કામ જોઇને ત્યાંના લોકો અમને પૂછતાં કે, તમે સેવામાંથી આવો છો ? ત્યારે મને એમ થતું કે આ લોકોને તરત ખબર કેવી રીતે પડે કે અમે સેવામાંથી આવીએ છીએ...? ત્યારે મને એમ થાતું કે, આપણે મોટા મોટા ડીઝાઇનરો સાથે કામ ભલે કરીએ પણ ઓળખાઇએ તો આપણાં સેવાના નામથી જ.. એટલે બહુ આનંદ થતો. પણ ન્યૂયોર્ક જેવા શહેરોમાં અમને સેવાના નામથી ઓળખે એટલે અમારી કારીગરી બહુ આગળ આવી તે અમને બહુ ખુશી થઇ અને મારી જેમ મારી બીજી બહેનો પણ બહાર નીકળતી થાય અને આપણા ભરતના કામને આગે લઇ જાય તેવું હું ઇચ્છું છું એટલું જ નહિં અમે અમારા ભરત કામમાં ટેક્નોલૉજીનો વપરાશ પણ કરતા થયા એટલે અમારો સમય પણ બચે અને કામ પણ ઝડપી થાય છે.''

આ ઉપરાંત પાટણ જિલ્લાનાં બકુત્રા ગૌરીબહેને કહયું, જૂના દિવસો કેમ ભૂલાય ? પહેલા અમે ૪થી ૬ મહિના રોજગારી માટે ગામ છોડી બીજે આઘે જતાં. બે ટક ખાવાના ફાફા પડતા, કપડાં ન હતાં, ભણતર કશું ન હતું ને કોઇ ભાગીદારી ન હતી પણ આજે ઉન્નતબજારમાં હું અને મારા જેવી બહેનો ભરતકામ જાત-જાતના કપડાં પર કરીએ છીએ, અને એમાંથી જે કમાણી થાય છે તેના લીધે અમારે જે ઘર છોડવું પડતું હતું તે અટકી ગયું છે. મોટામાં મોટી રાહત એ થઇ. ત્યારે જ તો અમે અમારા દીકરા-દીકરીઓને ભણાવી શકીએ છીએ બન્નેમાં કોઇ ભેદભાવ રાખતાં નથી. અરે, વહુને પણ ભણાવીએ છીએ. 'સેવા'માં મારો વિકાસ જોઇને મારા સમાજે મારું સ્વાગત પણ રાખ્યું છે. 'સેવા'થી આટલા આગળ વધ્યા. જય સેવા.''

રાધનપુરના મોટી પીપળી ગામના રબારી ગીતાબહેન કે જે પોતે હરખી બેન છે તેમણે પણ પોતાનો અનુભવ જણાવ્યો

જેમાં ખાસ તેમણે કહયું કે 'અમે આ વર્ષે સત્તર લાખ રૂ.નું કામ કર્યુ છે. અમે જાતે સિલાઇ કરીએ છીએ અને હરખી કુર્તા વેચીએ છીએ. તેમાં નફા ખોટની ગણતરી કેવી રીતે થાય તે બધુતાલીમ લઇને શીખ્યા. આજુ બાજુના ગામમાં અને શહેરોની કૉલેજમાં સ્ટૉલ રાખીને વેચાણ કરીએ છીએ. મહિનામાં ચારસોનો ટારગેટ રાખીએ છીએ. અને હરખીના કુર્તા માત્ર ગુજરાતમાં જ નહી પણ બધે જ પહોંચે તેવો ધ્યેય છે.'

સભામાં મુખ્ય અતિથિ અઝીમ પ્રેમજી યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર અનુરાગભાઇએ 'સેવા' પરિવારનો ખાસ આભાર માની જણાવ્યું કે, 'મેં સેવા વિશે બહુ સાંભળ્યું છે અને આજે મારું સૌભાગ્ય છે જે તમને સૌને મળવાનો મોકો મળ્યો. અમે સરકારી સ્કૂલોમાં શિક્ષણનું સ્તર સુધારવા માટેના કામો કરીએ છીએ અને ઘણી બધી નિશાળો સાથે ઘણા બધા રાજ્યોમાં પણ કામ કરીએ છીએ. ખાસ કરીને સરકારી સ્કૂલોમાં ભણતર વિશે જે આપણી છાપ છે કે સરકારી નિશાળો ખરાબ છે કે, શિક્ષકો સારા નથી પણ તેવું નથી સ્કૂલોમાં પણ ઘણા સારા શિક્ષકો છે.. પરંતુ સવાલ એ છે કે આપણે તેમના સમર્થનમાં શું કરી શકીએ ? જો આપણે આ દેશના શિક્ષકોને આવી રીતે જોઇશું અને તેમની સાથે આવી રીતે વર્તન કરીશું કે તેઓ કામ નથી કરતા તો તેઓ આ જ રીતે વર્તશે. પણ જો આપણે તેમની ઉપર વિશ્વાસ કરીશું અને સમર્થન આપીશું તો સરકારી સ્કૂલોના શિક્ષકો તેમનું કામ ખૂબ જ સરસ રીતે કરશે..!''

'સાશા' એસોસિએશન ફોર ક્રાફ્ટ પ્રોડયુસરના સી.સી.ઓ. રૂપાબહેન મેહતાએ પણ પોતાનો અનુભવ રજુ કરતા જણાવ્યું કે, 'મારું સૌભાગ્ય કે હું અહી આવી ને બધા બહેનોની વાત સાંભળી. બહેનોની આર્થિક અને સામાજિક ક્ષમતા વધે અને તેઓ ભાઇઓ સાથે ખભે ખભા મળાવીને કામ કરે છે ત્યારે મને બહુ ખુશી થાય છે. શાશા પણ 'સેવા' જેવું જ કામ કરે છે. થોડુ કામ કરવાની રીત કદાચ અલગ હશે પણ આપણો મુખ્ય ઉદ્દેશ્ય તો બહેનોને રોજગારી આપી તેઓ પગભર થાય તે જ છે માટે મને આજે અહી આવીને તમને બધાને મળીને ખૂબ જ ખુશી થઇ છે.

કાશ્મીરના કુપવારા જિલ્લાના ભરતકામ કરતાં જાહિદાબહેને કહે, ''પહેલા તો અમને એમ કે સ્ટેજ ઉપર જે બહેનો બેઠા છે તે બહારની કંપનીના બહેનો હશે પણ છી તેમણે તેમના અનુભવો શેર કર્યા ત્યારે ખબર પડી કે આ તો અમારા સેન્ટરની જે કારીગર બહેનો છે તેવી જ કારીગરી કરતી બહેનો છે.. વાહ ! આવી તે રજૂઆત કરી શકે છે ! દેશ-વિદેશમાં જઇ શકે છે ! અમે પણ આવી જ રીતે આગળ વધીશું.''

બિહારના ખેતકામદાર આવેલ ફૂલવાદેવીએ કહે, ''હું તો એક નાનકડા ગામની ખેતમજુર ને મને અહીં આવવાનો મોકો મળ્યો તે મારા ખૂબ ગૌરવની વાત છે.. તે ઉપરાંત મેં સ્ટેજ ઉપર જઇ અમારું ગીત પણ ગાયું તો બિહારની સંસ્કૃતિ પણ આટલા બધા લોકો સામે રજૂ કરવાનો મોકો મળ્યો.''

સિક્કીમથી આવેલ ગંગાક્રિશ્નાતમંગબહેને પોતાનો અનુભવ કહયો, ''આ સાધારણ સભામાં આવ્યા તો અમને શીખવા મળ્યું કે, એક સાથે મળીને કામ કરવું કેટલું મહત્વનું છે. પહેલાં તો અમને સાધારણ સભા એટલે શું તેવી કંઇ ખબર ન હતી કે, તેમાં આખા વર્ષનો હિસાબ કિતાબ થાય અને નફો થયો કે નુકશાન તે પણ જાણવા મળે તે અહી આવીને ભાગ લીધો તો ખબર પડી.. આ સભામાં બહેનોએ પોતાની ભાષામાં ગીત પણ ગાયું ને કામની વાતો પણ કરી એટલે બહું સારું લાગ્યું હું સિક્કીમમાં જઇને મારી બીજી બહેનોને આ વિશે જાણકારી આપેશ અને અમે પણ આવી સાધારણ સભા રાખીશું''

નાગાલેન્ડના કેકેયી પુલેબેને પોતાના અનુભવમાં કહયું કે, ''આ સાધારણ સભામાં કેટલા બધા રાજ્યોની બહેનો હતી જેમને મળવાનો મને મોકો મળ્યો અને બહુ તેમને મળીને તેમની સંસ્કૃતિ જાણી ખૂબ ખુશી થઇ. અને સૌથી સારું તો મને બધા 'હમ સબ એક હૈ' એક સાથે મોટા અવાજે બોલ્યા તે બહુ ગમ્યું. સંગઠનમાં કેટલું બળ છે તે મેં અહી આવીને જ જોયું''.

મિઝોરમના સલેમ્લાલ્વેન્હીમીબહેને પોતાના અનુભવ રજુ કરતાં જણાવ્યું કે, 'ભણેલા ના હોવા છતાં તેમની ભરતકારીગરીના કારણે અને સેવાના સહયોગથી બહેનોને આટલું બધુ કામ મળ્યું અને રોજગારી મેળવી તે જોઇને અને તેમના અનુભ જાણીને મને બહું જ ખુશી થઇ. મહેનત ના ફળ બહુ જ મીઠા હોય છે તે મેં આજ જોયું. આટલા બધા બહેનોની આવી સભા મે પહેલા ક્યારેય જોઇ ન હતી.'

આમ, 'સેવા ઉન્નત બજાર'ની વાર્ષિક સાધારણ સભા જુદા-જુદા રાજ્યોના સભ્યોની હાજરીથી ધમધમી ઉઠેલી. 'સેવા ઉન્નત બજાર' ઉન્નતિ અને પ્રગતિ કરતું રહે, ભરતકામ કરતાં રહે, તેમાંથી લાંબાગાળાની ટકાઉ રોજગારી રહે તેવી શુભકામના... સાથે 'હમ સબ એક હૈ' ના સૂત્રોચારથી સામાન્યસભા પતી.

**- અલ્પા**

❑

# શ્રમિકોના જીવન પર શહેરીકરણનો પ્રભાવ

ગરીબ શ્રમજીવીઓને શહેરની તરફ આગળ વધતા જોઇ રહયા છે. એમાંથી ઘણાં લોકો એકલા શહેરમાં સ્થળાંતર કરે છે જ્યારે, અમુક પરિવારની સાથે સ્થળાંતર કરે છે. અને આ સ્થળાંતર આર્થિકોપાર્જન માટે જ એક જગ્યાએથી બીજી જગ્યાએ

જાય છે. આ સ્થળાંતરમાં માત્ર શ્રમજીવી ભાઈઓ જ નથી પણ શ્રમજીવી બહેનો પણ ઝડપથી સ્થળાંતર કરી રહયા છે. જે ગ્રામીણ વિસ્તારમાં કામ કરી રહયા છે, તેમાં અમે એ પણ બદલાવ જોઈ રહયા છીએ કે, બહેનો ખેતીમાં ઝડપથી જોડાઈ રહી છે. કેમ કે, તેમના પુરુષો શહેરોમાં સ્થળાંત્તરિત થઈ ગયા છે. એકલા બાળકોને દાદા-દાદીની સાથે જોઈ રહયા છીએ. કારણ કે, તેમની મા શહેરમાં કામ કરવા માટે જાય છે અને ઘરોમાં ફક્ત ઘરડા લોકોને એકલા રહેતાં જોઈએ છીએ. કેમ કે, યુવાન પરિવાર સ્થળાંતર કરી ગયા છે.

શું શહેર એ નવુ આશ્રય છે ? શું ખરેખર, તે આ લોકોની જરૂરિયાતો પૂરી પાડે છે ? જરૂરિયાતોનો જવાબ આપે છે કે, જેઓ નોકરી મેળવવાની આશા, પોતાના બાળકો માટે વધુ સારી સ્કૂલનું શિક્ષણ અને વધુ સારા રહેઠાણની સુવિધા માટે સ્થળાંતર કરે છે ? લોકોને પોતાના ઘરો, પોતાની જમીન અને પરિવારોને છોડવા માટે તથા શહેરોમાં જવા માટે મજબૂર કેમ કરવામાં આવે છે ?

મેં આ મુદ્દાઓને અમારા સભ્ય બહેનોના દ્રષ્ટિકોણથી સમજવાની કોશિશ કરી. 'શહેરીકરણનો આપણાં જીવન પર પ્રભાવ' માટે બિહાર, રાજસ્થાન, ઉત્તરાખંડ, પંજાબ, દિલ્હી, બંગાળ અને ઝારખંડની સેવાની સભ્યબહેનો પાસેથી તેમનાં મંતવ્યો જણ્યાં. અમુક રાજ્યો જેમ કે -બિહાર, ઝારખંડ, બંગાળ અને ઉત્તરાખંડને પોતાના પરિવારના વિભાજનની સાથે શહેરીકરણના પડકારનો સામનો કરવો પડયો છે. પુરુષ વર્ગે સ્થળાંતર કર્યું અને બહેનોએ પોતાના પરિવારની દેખભાળની મોટી ભૂમિકા ભજવી સાથે જ, ઘર અને બદલતા કામને પણ સંભાળ્યા. અન્ય રાજ્યો જેમ કે - પંજાબ, રાજસ્થાન અને દિલ્હી જન સંખ્યામાં વધારાનો સામનો નથી કરી શકતા. તેમણે સ્થળાંત્તર કરીને આવેલા લોકો માટે રહેઠાણ, પાની અને સ્વચ્છતા જેવી બુનિયાદી સુવિધાઓ આપવાનું શરૂ કર્યુ છે. જેઓએ પોતાનું મૂળ વતન છોડયું અને રોજગારીની તકો ઓછી હોવાને કારણે શહેરોમાં જતા રહયા છે, તે સહુએ 'વિદેશી' તરીકે ઓળખાવાની ફરિયાદ, કઠીણાઈ ભર્યુ જીવન, રહેવા માટે સીમિત જગ્યા, અસુરક્ષાનો ભય, કામ કરવાની પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કર્યો છે. અમુક શ્રમિકો અપરાધ અને દગાખોરીનો શિકાર બન્યા છે અને અમુકે તો અત્યંત વિષમ સ્થિતિઓને કારણે નાની ચોરીઓ તથા દવાઓનો સહારો લીધો છે. શહેરોમાં જવાથી શહેરીકરણનો લાભ લેવાવાળા અમુક સભ્યોએ હકારાત્મક પરિણામોને જોયા. જેમ કે, તેમનાં હાથોમાં નાણાં, બાળકોને વધુ સારું શિક્ષણ મળી રહયું છે. શ્રમિક તરીકેની ઓળખ પ્રાપ્ત થઈ રહી છે. કેમ કે, તેઓ સીધા જ પૈસા કમાઈ શકે છે. લગભગ બધાએ ઉલ્લેખ કર્યો કે, જો તેમની પાસે પોતાના વતનના ઘરે જ રોજગારની તક હોત તો તેઓ શહેરોમાં આવતા જ નહિ !

બહેનોએ જણાવ્યું કે, શહેરીકરણનો અર્થ વધુ સારા રસ્તા, ફલાઈઓવર પણ છે. કેમ કે, શહેરોમાં મોટી વસ્તી માટે સમાયોજીત છે, ખેતીના ઉત્પાદન મોટા બજારોમાં વધી રહયા છે, પરંતુ, નાના મહિલા ખેડૂતોએ આ પણ ફરિયાદ કરી છે કે, પુરુષો ખેતીની સંભાળ રાખવા માટે અમને અહીં છોડીને પોતે શહેરોમાં જતા રહયા છે ! જ્યારે તેમને નાણાં, ખેતી અને બજાર સુધી પહોંચવાનું જ્ઞાન ઓછું છે. તેઓ પોતાના ઉત્પાદનને વધારવા અને તેનું મૂલ્ય જોડવા માટે અસમર્થ છે. ઉત્પાદન કરેલી ખેત-પેદાશોની સાથે-સાથે વેચાણનો બોજો પણ બહેનો પર છે. વિસ્તારની સુવિધા માટે શહેરોમાં બુનિયાદી ઢાંચાના પરિણામ સ્વરૂપ બાંધકામ શ્રમિકો માટે અને વધારે નોકરીઓ શરૂ થઈ છે. પરંતુ, કાયમ ભાડે, મૂળભૂત નાગરિક સુવિધાઓ, સામાજિક સુરક્ષાને અસર કરવાવાળી ઓળખને નુકસાનના ભેદભાવનો સામનો કરવો પડે છે. બાળકોને વતનના ઘરે જ છોડી દેવામાં આવે છે. કેમ કે, માતા-પિતા બહાર કામ પર જાય છે. જેથી તેમને કુપોષણ અને યૌન શોષણ માટે અસુરક્ષિત બનાવી દેવામાં આવે છે. જે લોકો અસ્થાયી માળખામાં રહે છે તેઓ કાયમ બહિષ્કારનો સામનો કરે છે. અને હંમેશા સતત ડરના ભાર નીચે રહે છે. બંગાળની બહેનોએ વિશેષમાં ઉલ્લેખ કર્યો છે કે, બીડી વાળનાર પરિવારોના પુરુષ સભ્યો શહેરોમાં કેવી રીતે જતા રહયા. અમુકે ૪ વર્ષ સુધી પોતાના ઘરે પૈસા મોકલ્યા નથી. ત્યારે તેમની મહિલાઓએ પોતે જ પોતાના પરિવારનું ભરણપોષણ કરવું પડે છે. અને ઉંચા દરના વ્યાજે શાહુકારો પાસેથી પૈસા લેવા પડે છે. ઘણી બહેનો પોતાના પરિવારને છોડી દે છે અને ઘરડાં વ્યક્તિઓની દેખભાળ માટે બાળકોમાંથી એક બાળકને તેમની સાથે મૂકી દે છે. આ રીતે ભાવનાત્મક તણાવ ઉભો થાય છે અને યુવાનોના યૌન શોષણના કિસ્સાઓ વધે છે.

પશ્ચિમ બંગાળના ફુલિયામાં વણાટ કામ કરવાવાળા પુરુષોને ગામોમાં પૂરતું કામ મળતું નથી. અને કેરળમાં દૂર ક્યાંક બાંધકામનું કામ શરૂ કરી દીધું છે. તેથી સભ્યો ઉદાસ લાગી રહયા હતાં કેમ કે, પરિવાર નાના થતા ગયા છે અને બીજી બાજુ ભરાવો થતો ગયો છે.

પંજાબની બહેનોએ વાત કરી કે, ખેતીમાં કેવી રીતે મશીનીકરણે રોજગારી ઓછી કરી છે. અને લોકોને શહેરોમાં જવા માટે મજબૂર થવું પડે છે. પહેલાં જ્યાં ૧૦ લોકો કામ કરતા હતા, ત્યાં હવે આ કામ મશીનો દ્વારા કરવામાં આવે છે. બાકીના લોકો પોતાના કુટુંબ અને સમાજ પર બોજો સમજે છે. શહેરોમાં વસેલાં બહુ જ ખરાબ પરિસ્થિતિઓમાં જીવીત રહે છે અને સમાજ વિરોધી કામ- ચોરીનો આશરો લે છે.

રાજસ્થાનની બહેનોનું કહેવું હતું કે, ટીનના બનેલા નાના

ઓરડામાં ૭-૧૦ લોકો રહે છે. અને એવી જગ્યાઓમાં રહે છે કે, જ્યાં પાણી નથી, જે જગ્યા છે તે ગંદગીથી ઘેરાયેલી છે અને કોઇ કચરાના નિકાલની કોઇ વ્યવસ્થા નથી. આવા શહેરોની આસપાસ રેગિસ્તાની ખેતીનો વિસ્તાર આવેલો છે. જે પાણીની અછતને કારણે સૂકો વિસ્તાર છે.

આ લોકો બિહાર, દરભંગા, ધનબાદ, કાનપૂરની આસપાસના ગામોમાંથી પરિવારની સાથે સ્થળાંતર કરી ચૂક્યા છે. જેઓ ૧૫-૨૦ વર્ષથી આ શહેરી વિસ્તારોમાં રહે છે. પરંતુ, તેમની પાસે નાગરિકતાનો અધિકાર નથી.

અખ્તરબહેન જણાવે છે કે, 'મારું ઘર બિહારના શેરપુર ગામમાં છે. મારા પતિના ૫ ભાઇઓ છે. ઘરે કામ અને જગ્યા ઓછા હતા. તેથી અમે કામની શોધમાં જયપુર આવ્યા. અમે લગભગ ૧૩,૦૦૦ રૂપિયા કમાઇએ છીએ. જેનાથી ૫૦,૦૦૦ રૂપિયાનું ટિનનું એક નાનું ઘર બનાવ્યું છે. અમે જાણીએ છીએ કે, જ્યારે સરકાર અમારા ઘરને તોડશે ત્યારે અમારી પાસે અમારા ઘરના કોઇ જ કાનૂની કાગળો નહિ હોય, અમારે અહીથી જવું પડશે.'

મુંગેરની બહેનોનો પ્રશ્ન જ કામ અને સ્થળાંતરનો છે. ઘરનાં સભ્યો શહેરમાં કામ માટે જાય અને તેના કારણે ઘરના કામોનો બોજો બહુ જ વધી ગયો છે. ખેતીની સીઝનની શરૂઆતમાં પતિ ઘરે આવે છે અને કામ કરવામાં મદદ કરે. પરંતુ, જ્યારે ખેતીની શરૂઆત કરવાની હોય ત્યારે, વાવણી કરવી, બીજ કયા વાવવા, ખેતર ખેડવા અથવા કીટનાશક ખરીદી કરવી અથવા ખાતરની ખરીદીના સમયે ત્યારે બધી જવાબદારી અમારી બહેનોની જ હોય છે.

આ ઉપરાંત, તેમની પોતાની માંદગી આવી જાય ત્યારે, બાળકોની દેખભાળ કરવામાં મુશ્કેલીઓનો સામનો કરતી વખતે બહુ જ એકલતા અનુભવે છે અને અડોસ-પડોસ પાસેથી મદદ લેવી પડે છે. આ ઉપરાંત, લોકો એક પુરુષને જેટલું વેતન મળે તેટલું સ્ત્રી કામદારોને વેતન આપવામાં હિચકીચાટ અનુભવે છે. પરંતુ, આ બહેનો પોતાના પતિ સ્થળાંતર કરે છે ત્યારની તકલીફોની પણ વાત કરતા કહે છે કે, જે પોતે શહેરોમાં પણ હેરાન થાય છે જ્યાં તેઓ કામ કરે છે. ત્યાં શહેરમાં જગ્યા ભાડેથી લે છે, એ નાની જગ્યા ઉજાસ વગરની ખોલકીઓ હોય છે જેમાં કોઇ જ સુવિધા હોતી નથી. કારણ કે, એક તો, તેમની મજૂરી ઓછી અને નિયમિત પણ ના હોય તે પણ પડકાર હોય છે. જેમ-તેમ કરીને બચત કરી અમુક પુરુષો ઘરે પૈસા મોકલે છે. જેથી તેઓ પોતાના ઘરોમાં સુધારો લાવે. ટીવી, રેડિયો અને મોબાઇલ ફોન ખરીદી શકે છે. મોટાભાગનાં લોકો કહયું કે, તેઓ પોતાના બાળકોને વધુ સારી રીતે શિક્ષિત કરવામાં પૈસા વાપરે છે.

ઝારખંડની બહેનોનું કહેવું છે કે, 'શહેરોમાં શહેરી વિકાસ માટે નવા અને સ્માર્ટ શહેરના મોડલ લાવવામાં આવી રહયા છે. ઝારખંડ હજુપણ આ દૌડમાં વ્યસ્ત છે. બધા જ એ વાતમાં જોડાયેલા છે કે, કેવી રીતે રાંચીને સ્માર્ટ શહેરમાં બદલી શકાય ! જે શરૂ થઇ ગયું છે..' આજે શહેરોને બે ભાગમાં વહેંચી રહયા છે. શહેરનો એક ભાગ તે ભૌતિક સુવિધાઓથી સુસજ્જિત છે અને બીજી બાજુ સ્માર્ટ સીટી વિસ્તારની બહારનો ભાગ છે. આને લગતું બાંધકામ દરેક જગ્યાએ ચાલી રહયું છે. વરસાદ આવવાના સમયે હોડીઓનો ઉપયોગ કરવો જોઇએ. પરંતુ, તો પણ લોકોને રહેવા અને ત્યાં કામ કરવા માટે મજબૂર કરવામાં આવે છે. વીજળીના કનેક્શનવાળો વિસ્તાર કરવા માટે વૃક્ષોને કાપી નાંખવામાં આવ્યા છે. તેથી ગરીબોનો નાનો છાંયડો પણ જતો રહયો છે. સિનેમા ઘરો, ફાસ્ટફૂડ ગેમીગ શોંપીગ મોલ, એન્ડ્રોઇડ ફોન, ફેશન ટ્રેડ વગેરે જેવા મનોરંજનની પસંદગીમાં પણ વધારો થયો છે. યુવાનો પણ આ બધુ ઇચ્છે છે અને માટે પૈસાની માંગ પણ વધી ગઇ છે. આપણા બાળકોને ધ્યાનમાં રાખવા બહુ જ મુશ્કેલ છે.

સ્થળાંતર, આર્થિકોપાર્જન માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું, એ એક વાસ્તવિકતા છે. આપણે આપણાં સભ્યો દ્વારા અનુભવ કરવામાં આવેલા સકારાત્મક નકારાત્મક પક્ષોને ધ્યાનમાં લઇને જોઇએ છીએ. જ્યારે, દેશની અંદર આર્થિકોપાર્જન માટે ક્યાંય પણ જવું-આવવું યોગ્ય છે. અને આપણને સ્વતંત્ર અને સુરક્ષિત રૂપે સ્થળાંતરિત થવા માટેની અનુમતિ આપવી જોઇએ. હંમેશા ગરીબોને ગ્રામીણ વિસ્તારમાં વિભિન્ન પ્રકારના સંકટોને કારણે સ્થળાંતરિત થવા માટે મજબૂર થવું પડે છે. પછી તે વિકાસની પરિયોજનાઓને કારણે, આફતો અથવા સાંપ્રદાયિક હિંસાની અસરને કારણે વિસ્થાપિત થવું પડે. આવી પરિસ્થિતિઓમાં લોકો શહેરો તરફ જાય છે. જ્યાં તેઓ વિભિન્ન પ્રકારના કામ-કાજ કરે છે અને શહેરો માટે તેઓ એક સસ્તા શ્રમિક બની જાય છે. આમ જોઇએ તો, આ શ્રમિકોની આજીવિકા અને રહેઠાણની સ્થિતિઓને વધારવાનું 'સેવા' માટે મહત્વપૂર્ણ છે. આપણે સ્થળાંતરિત કરનાર કામદારો માટે આ વસ્તુઓને ધ્યાનમાં લેવા પડશે. અને ચર્ચાઓ કરવાની શરૂ કરવી પડશે કે, આપણે આ ઘટનાઓથી આપણાં કામના મોટા પરિપેક્ષના માધ્યમ દ્વારા કેવી રીતે સંબંધિત છીએ.

શહેરોમાં આપણે સ્થળાંતરિત શ્રમિકોના અધિકાર કેવી રીતે સુનિશ્ચિત થાય ? આપણે કેવી રીતે પરિવારોને પોતાના ગામોમાં રહેવા અને તેમની પોતાની જમીન વધુ ઉત્પાદિત બને તે માટે મદદ કરીએ. રાષ્ટ્રીય અભય રોજગાર સુરક્ષા વેતન, બાળસંભાળ જેવા સરકારી લાભોનો ઉપયોગ કરીએ છીએ?

આપણે આપણા ખેડૂબહેનોના જમીનના અધિકારો માટે કેવી રીતે દબાણ લાવીએ, જે તેઓ ગામમાં છોડીને આવ્યાં છે ?

આપણે આપણાં સ્થાનિક અને સ્થળાંતરિત શ્રમિકોને કેવી રીતે જોડી શકીએ ? આપણે સેવામાં આયોજકોના સ્વરૂપમાં એકબીજાની સાથે વાતચીત પણ કરી લઇએ છીએ. અને આપણા મુદ્દાઓને સંબંધિત સમયાંતરે ચર્ચાઓ પર ચર્ચા કરીએ છીએ અને આપણે કેવી રીતે આપણાં આયોજનના માધ્યમ દ્વારા આ સ્થળાંતરિત શ્રમિકોના પ્રતિરોધ માટે તાકાત બનાવી શકીએ?

**- સંચિતા મિત્રા**

❑

## મુશીબતના સમયે રાહતનો શ્વાસ, વીમાનો સાથ

અમદાવાદ જિલ્લાનું ગામ કેલીયા વાસણાના ખેતમજૂર મિનાક્ષીબહેન જીગ્નેશભાઇ ૬ વર્ષથી વિમો સેવા સાથે જોડાયેલા છે. સરલ સુરક્ષા વિમા પોલિસી તેમણે લીધેલી છે. મિનાક્ષીબહેન અને તેમના પતિ ગામમાં ખેતીનું કામ કરે છે. થોડા દિવસ પહેલા જીગ્નેશભાઇ સાંજે ખેતરમાં પાણી વાળવા જતાં હતાં એવામાં શાળાના બે બાળકો સાઇકલ લઇને અચાનક સામે આવ્યા, ગાડી સ્લીપ થઇ જવાથી પડી ગયા અને તેમને પગે બહુ વાગ્યું હતું. તેમને તરત જ રીક્ષામાં કલિકુંડ હોસ્પિટલ લઇ ગયા ત્યાં એક્સ-રે કરાવ્યો તરત જ તેમને દાખલ કર્યા તેમણે વીમોસાથી રેખાબહેનને ફોન કર્યો, રેખાબહેનને ઓફિસમાં તરત જાણ કરી. આ સભ્યનો ખર્ચ રૂા.૬૫,૦૦૦/-નો વીમો થયો હતો. જે ૧,૩૫૦/-રૂા.ના કેશલેસ વીમામાં ૫૦,૦૦૦-/ રૂા. સુધી ખર્ચ મળવાપાત્ર હતો જે તેમને પૂરેપૂરો મળી ગયો.

જીગ્નેશભાઇને તો કલ્પના જ નહોતી કે આ કેશલેસ વીમામાંથી મને આટલા બધાં પૈસા મળશે. મિનાક્ષીબહેન અને જીગ્નેશભાઇને તો કેટલો ખર્ચ થશે, હોસ્પિટલનું બીલ કેવી રીતે ભરીશું, ક્યાંથી પૈસા લાવીશું, કોણ આપશે, તેની મુંઝવણમાં હતાં, પરંતુ કેશલેસ યોજનાનો વીમો હોવાથી ડાબા પગના ઢીંચણથી નીચેના ભાગમાં પ્લેટ નાખી તાત્કાલિક ઓપરેશન કર્યુ અને રૂા. ૫૦,૦૦૦/- સીધા કંપની દ્વારા ચુકવાઇ ગયા હોવાથી તેમને મનમાં જે દેવું થશે તેવો ડર હતો તે દૂર થઇ ગયો, ફક્ત ઉપરના ખર્ચના પૈસા જ તેમને આપવા પડયાં.

❑

## વરસાદ આર્શીવાદ કે અભિશાપ ?

સમગ્ર ગુજરાતમાં મેઘમહેરથી સૌ આનંદીત થયા. અમને પણ આનંદ થયો કે હાશ, ગરમીથી છુટયા. ગરમીમાં તો રાહત પણ રોજગારીમાં આફત આવી સળંગ અઠવાડીયા સુધી વરસાદ પડતા અમારા કામ બંધ થયા. અમે રોજે રોજનું લાવીને ખાનારા અને કાચા-પાકા નાનાં-નાનાં ઘર અને ખોલીમાં રહેનારા. આ વરસાદને કારણે ઘરોમાં પાણી ભરાઇ જાય.

ગટર ઉભરાઇ જાય. ઝેરી જીવ-જંતુ કરડી જાય આમ, નર્કની યાતના જેમ લાગે. પણ, અમારા જેવા ગરીબ શ્રમજીવી વિસ્તાર તરફ કોર્પોરેશનનું ધ્યાન ન જાય ! કમર સુધીનાં પાણીમાં ચાલી દુધ-શાકભાજી લાવવું પડે. સૌથી મોટી મુશ્કેલી અમારી રોજગારી બંધ થાય. જો વરસાદ ઓછો હોય તો ઝરમર વરસાદમાં કામ કરીએ પણ એના લીધે શરદી-તાવ થઇ જાય પણ કામ કરે રાખીએ જો કામ ના કરીએ તો બાળકોને ખવડાવવું શું ? અને એમા અમારું પ્લાસ્ટીક વાઇન્ડીગ અને ભંગાર તોડવાનું કામ ખૂબ જોખમી સાવચેતી રાખી મોત માથે લઇ કામ કરીએ. વરસાદ વરસતા અન્નદાતા ને સૌથી વધારે આનંદ થાય પણ આજ વરસાદ અમને અન્નનાં દાણા માટે તરસાવે તેવો ઘાટ છે.

ચોમાસાનો સમય સાચે જ અમારા જેવા શ્રમજીવી કામદારો માટે નો ખૂબ જ કપરો સમય ગાળો છે. અમારી માટે વરસાદ આર્શીવાદ કે અભિશાપ એજ સમજાતું નથી !

**- આગેવાન-પુષ્પા વાઘેલા**

❑

## ભારતનો સ્વાતંત્ર્ય દિન આવી રહ્યો છે. પણ સ્વરાજ ક્યાં ? ગાંધીજી ક્યાં ?

ગાંધીજી ક્યાં ?
કેમ પૂછો, ક્યાં ?
બધે જ છે એ,
પૂતળામાં, પ્રતિમાઓમાં એ,
પ્રદર્શનો, ચિત્રો, ફોટામાં,
ટિકિટમાં ને સિક્કામાં એ,
નેતાઓનાં ભાષણમાં રણકે છે એનું નામ,
દાખવી પુજ્યભાવ અવિરામ...
અરે પણ, ગાંધી શાને ?
ભૂતકાળની ગૌરવગાથા ગાવાને અભિમાને,
કેવું સહેલું એનું સ્મરણ !
અને આ વર્તમાનમાં એના નામે પામે કૈં કૈં રિદ્ધિસિદ્ધિ,
સેવાભાવી જન,
પછી તો ભવિષ્યમાં શું ને શું ના
પછી તો ભવિષ્યમાં શક્ય બનાવે એનું ધન્ય રટણ !
અહોહો ગાંધી કેવા ?
સહુના મનને ભાવે એવા,

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
6-8-2018

ભક્તતણી દૃષ્ટિ માફક તે
પ્રેરણા સેવા કે મેવા
ગાંધી એવા...
ગાંધી જોવા !
ઝંખો છો ગાંધીજી જોવા ?
પુણ્ય જ્યોતનો પ્રકાશ પામી
જન્મ તમારો સાર્થ નીરખવા ?
જરૂર જો જો, સઘળે શોધો,
દેશતણા સૌ ખૂણે ખૂણે
સઘળે શોધો...
માત્ર શોધતા નહિ તમારા
અંતરતલના એકરારમાં,
ઉર-ઊંડાણે ગાઢ ભર્યા
અંધાર ઉલેચી નજર માંડવા
રખે માથો ના... !
નહિ મળે જો ગાંધીજી ત્યાં ?
ગાંધીજી ક્યાં ?

**- સ્વ. ગીતા પરીખ**

❑

**અનસૂયા**

- ૩૬માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org  Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-8-2018**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]